વીણા-વેલી

નાટકનાં ગાયનો.

"શ્રી દેશી નાટક સમાજ" માટે
છપાવી પ્રસિદ્ધ કરનાર,
ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.
ઠે૦ કાલબાદેવી, પ્રીન્સેસ થીએટર-મુંબઈ.

વૈદ્ય ભગવાનલાલ ત્રીભુવને છાપ્યું,
ઠેકાણું સુબોધની પ્રિન્ટીંગ પ્રેસ, ૩૦૫, બજારગેટ કોટ, મુંબઈ.
કિમ્મત રૂ. ૦ ૨-૦

વીણા-વેલી.

નાટકના ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત
મરહુમ સાક્ષર ડાહ્યાભાઇ ધોળશાજી સ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજને માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર:
ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.
ઠે. કાલબાદેવી, પ્રીન્સેસ થીએટર, મુંબઈ.

મુંબઈ, કોટ બજારગેટમાં આવેલા સુબોધિની પ્રેસમાં
વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવને છાપ્યું.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૭.

કિંમત રૂ. ૦-૨-૦.

જાહેર ખબર.

આ ઉપરથી એમ જણાવવામાં આવે છે કે, અમારા નાટકોનાં ગાયનોનો કોઇપણ ભાગ, અગર કોઈ પણ ગાયન કોઇ માણસે અમારી રજા સીવાય છાપવો, છપાવવો કે ભજવવો, ભજવાવવો નહીં, તેમ છતાં કોઇપણ માણસ અગર નાટક કર્તાઓ વગેરે ભજવશે, ભજવાવશે, કે છાપશે, છપાવશે તો કાયદેસર ઇલાજ લેવામાં આવશે.

લી० ચંદુલાલ દલસુખરામ ધોળશાજી ઝવેરી.

માલેક-શ્રી દેશી નાટક સમાજ.

શ્રી શાન્તિનાથાયનમઃ

શ્રી વીણાવેલી નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્ર. ૧ લો–શ્રી ચંપાગઢમાં કુંભારને ત્યાં ભજન થઇ રહ્યું છે. કઠીઆરો ભારો લઇ આવે છે. વિસામો ખાઇ ભારો નાંખવા જાય છે. કુંભાર ચાક ઓશીકે મુકી તથા ગધેડું પગે બાંધી સુએ છે. રાજા રાયસીંહ નગરચર્યા જોતો ત્યાં આવી ચઢે છે, કુંભારનેજ જગતમાં 'સુખે સુનાર' સમજે છે.

પ્ર. ૨ જો–શેઠ ઓધડશા અને મોઢે ચઢાવેલો ટીકલો. મ્હેતો પાછળથી કઠીઆરો, શેઠની ભજીઘાનત.

પ્ર. ૩ જો–રાયસીંહનો બગીચો, 'સુખે સુનાર' કુંભારની યાદગીરીમાં દુહો લખે છે, રાયસીંહની દીકરીઓ વીણા તથા વેલી, અભણ વેલીનો ભણેલી વીણા સાથે વીવાદ. ગરબો, દુહાના જવાબમાં 'જે ઘેર નાર સુલક્ષણી, તે સુખમાં સુનાર' વીણા લખે છે, ધમલો નામે માળીનો છોકરો વેલી કુંવરી ઉપર પ્યારથી ચીઠી મોકલે છે. ચીઠ્ઠી લાવનારને તમાચાનો માર રાણી, રાયસીંહ પાસેના ગામના ઠાકોર જાલમસીંહ વેલીનુ માગું કરવાના વીચારથી જાતેજ જોશીનો વેશ લઇ આવે છે. જાલલસીંહનો તીરસ્કાર, રાયસીંહ જવાબનો દુહો વાંચી વીણા ઉપર ગુસ્સો, રાણી ચઢાવે છે.

પ્ર. ૪ થો—જાલમસીંહ અને તેવોજ વેલીને પરણુવાની ઇચ્છા રાખનાર ઠાકોર વજેસીંહ, ગામોટ જોશી, રાજકુમારના ઉપનામથી ઓળખાતો ધમલો માળી, તેની ડોસી, જાલમસીંહ તેને જોધપુરના કુમારને નામે ઓળખાવી, વેલી તેની વેરે વરાવવાનુ કપટ રચે છે.

પ્ર. ૫ મો—રાયસીંહ અને વીણાનો વીવાદ. રાણી ચઢાવે છે. રાયસીંહ વીણાને ગમે તેના વર સાથે વરાવી દેવા ધમકી આપે છે. પોતાની વીદ્યા અને ચતુરાઇના બળે સ્વામીને સુધારી 'મુખે સુનાર' બનાવવાની પાકી આસ્થાવાળી વીણા અભિમાની બાપ સામે બ્હાદુરીથી બચાવ કરે છે. 'જોધપુરના કુમાર પધારે છે' એવો જાલમસીંહ તરફનો સંદેશો પ્રધાન લઇને આવે છે. રાયસીંહ વેલી કુંવરી તેના વેરે વરાવી દેવાનો વીચાર કરે છે. રાણી ગર્વથી ફુલાય જાય છે.

પ્ર. ૬ ઠ્ઠો—ઢોંગી ધમલો માળી જોધપૂરના કુમારના વેશે, રાણી અને વેલી તેની વાંસે ગાંડા, વેલીને વરાવી દેવા રાયસીંહ અને રાણીની અધીરાઇ. ચાંલ્લો ધમલાને કરે છે.

પ્ર. ૭ મો—વેલીને ધમલા સંબંધી વીણા ચેતાવવા આવે છે. વીણાનો તિરસ્કાર, વેલી અને સંગીત શિક્ષક ઉસ્તાદ તાનતોલખાં.

પ્ર. ૮ મો—કઠીઆરો. રાયસીંહનો સીપાઇ કઠીઆરાને નવાબસીઓ જાણી પકડી જાય છે.

પ્ર. ૯ મો—લગ્ન મંડપ, વેલીને ધમલા સાથે વળાવે છે. વીણાને કઠીઆરા સાથે વળાવે છે.

અંક બીજો.

પ્ર. ૧ લો–તંબુમાં વેલી પછીથી ધમલો, ડંફાસ, ડોશી, જાલમસીંહ, પોગળ ઉઘાડું પડવું. જાલમસીંહ તાનતેલખાંને લાલચ આપે છે તે વેલીને તેડી જાય છે.

પ્ર. ૨ જો–વીણા અને કઠીઆરો, લાકડાની ધુણીની સુગંધ, બારા સંબંધી વાતચીત. શેઠને ત્યાં હીસાબ સમજવા જવું.

પ્ર. ૩ જો–ઓવડશા શેઠ, કઠીઆરો, વીણા સોદાગર વેશે મહાજન, મોઢે ચઢાવેલો ટીકલો પોગળ વેરી નાંખે છે. વીણા જાહેર પડે છે અડધો અડધ દોલત આપવાની પંચાત.

પ્ર. ૪ થો–જંગલમાં નદી કીનારે તાનતોલખાં અને વેલી ઉંઘેલા, જાલમસીંહ ઠરાવ પ્રમાણે આવે છે, ઉસ્તાદને મારી નાંખવા પથરો ઉપાડે છે, સાપ નીકળી જાલમસીંહને સપડાવે છે. ઉસ્તાદ અને વેશ્યા નાશી છુટે છે. વીણા–કઠીઆરો, કઠીઆરો જાલમસીંહને બચાવે છે. વીણા સીદ્ધપુર જવાનું કહે છે, હરામ દાનતનો જાલમસીંહ પૂઠે થાય છે.

પ્ર. ૫ મો–વીણા અને કઠીઆરો ગોરના ઘરમાં માદળીયાનું વાંચવું. કઠીઆરો જોધપુરનો કુમાર નીકળે છે. જોધપુર જવા તૈયારી કરવા વીણા જાય છે. જાલમસીંહ હરામખોરો પાસે દગા સુંઘાડી બેભાન બનાવી કઠીઆરાને ઉપડાવી મોકલાવે છે. વીણા ઉપર બદદાનત જોધપુરનો, રાજા જયસીંહ આવી ચઢે છે. જાલમસીંહ નાસી જાય છે. વીણા જયસીંહ સાથે જોધપુર જાય છે.

પ્ર. ૬ ઠો–ધમલો સરસ્વતી તીરે જોગી, જાલમસીંહ અને બાવા અને કાવા દાવા.

પ્ર. ૭ મો–જોધપુર વીણા, જયસીંહનો વિવાદ રાજ કઠીઆરાની વાતની સુચના.

પ્ર. ૮ મો–ચોરને ત્યાંથી ખબર મેળવી જોધપુર આવેલો કઠીઆરો અમરકુમાર–ઢંઢેરો રાજ કઠીઆરાની વાત કહેવા કચેરીમાં જાય છે.

પ્ર. ૯ મો–કચેરી જોધપુરની, પડદામાં વીણા, રાજકઠીઆરાની વાત, બાપ દીકરાનો અને પતિપત્નીનો મેળાપ, હરામી જાલમસીંહ અને ધમલો વેરાગી વેશે, વીણાને ફસાવવા ઠરાવ–નાચ.

અંક ૩ જો.

પ્ર. ૧ લો–ધમલો અને જાલમસીંહ જોગી વેશે, વીણાની દાસી મારફતે ડાબે પગે ત્રિશુળ ખપ્પરનું નીશાન કરાવવાની પેરવી, જયસીંહ, અમરસીંહને વીણા દેશને ખાનારી ડાકણ છે એવો વ્હેમ પાડે છે, બાપ દીકરા અને સાથે જાલમસીંહ પગે નિશાન જોઇ ખાતરી કરવા જાય છે.

પ્ર. ૨ જો–વીણા સુતેલી, દાસી નિશાન કરે છે. બાપ દીકરાનો ગભરાટ વીણાને જોગીએ આપેલી પેટીમાં પેસાડી પેટી દટાવી દેવડાવવાના ઠરાવ, વીણા અને અમરસિંહ સંવાદ પેટીમાં પેસવું.

પ્ર. ૩ જો—ધમસો અને જાલમસિંહ ચોરને ઘેર ચોર એક બીજાને ઠગવા વિચાર, પેટી આવે છે. ધમસો પેટી ઉઘાડી વીણાને જગાડે છે. ધમસાને વીણા ઉપદેશ દઇ સુધારે છે. બન્નેનો જાલમસિંહને ફસાવવાનો ઠરાવ અને ફસાવવું પેટીમાંથી માંકડા જાલમસિંહનું પેટીમાં પુરાવું,

પ્ર. ૪ થો–વેલીને ફિરતાક તાનતોલમાં નાચનારી બનાવે છે.

પ્ર. ૫ મો–અમરસિંહ. દાસી નિશાનની વાત જાહેર કરે છે. અમરસિંહ આપઘાત કરવા તૈયાર. વીણા અને ધમસો જાગી વેશે. પ્રાયશ્ચિત કરવા અમરસિંહનો ઠરાવ. પેટીમાંના શાલીગ્રામ પાસે પ્રાયશ્ચિત. હરામી જાલમસિંહને બાંધી ડુંગર ઉપરથી ફેંકી દેવાનો હુકમ. પતિ પ્રિયાની ઓળખાણ પોતાના બાપ રાયસિંહને તેડાવવા વીણાની માંગણી.

પ્ર. ૬ ઠો–કચેરી. રાયસિંહ આવે છે અમરસિંહને જોઇ વહેમ. ધમસો માળી ચોપદાર. વીણા આવે છે. વેલી નાચનારી રાયસિંહનો પશ્ચાતાપ. વેલીની જોગણ થવાની માગણી. ઈશ્વરનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

રાયસિંહ ... ...ચંપાગઢનો ઠાકોર.

જયસિંહ ... ...જોધપુરનો રાજા

કઠીઆરો ... ...અમરસિંહ નામે જોધપુરના રાજાનો કુમાર.

ઝાલમસિંહ... ... ...ચંપાગઢ પાસેના ગામનો ઠાકોર.

વજેસિંહ ... ...તેવોજ બીજો ઠાકોર.

ચમલો ... ...માળીનો છોકરો.

તાનતોલખાં... ... ...નીચ ગવૈયો.

વીણા ... ...રાયસિંહની મૈયત રાણીની પુત્રી.

વેણી ... ...રાયસિંહની હયાત રાણીની પુત્રી.

પ્રધાનો, રાણી, દાસી, બાવા વિગેરે વિગેરે.

સ્થળ—ચંપાગઢ, સિદ્ધપુર, જોધપુર.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

વીણાવેલી નાટકનાં ગાયનો

મંગળાચરણ.

સુત્રધાર—નટીઓ—

શંકર ! શિવંકર—ચિન્તા તું પરિહર.
ભૂતાદિનાથ જગનાથ ! હે જીનવર—શંકર.
ચિન્તામણી ચરણ શરણ છે ચિત્ત વિષે.
ત્રાતા નિવાર તાપ ત્રય ભયંકર—શંકર.
ઘટઘટ પ્રગટ તું પોતે સદા રહે;
કૈવલ્ય શાલી ભજીએ ૐ દિગંબર—શંકર.

નટીઓ—

નહિ કર્મની કથા કદાપિ વ્યર્થ જનારી,
પતંગ રંગની પેઠે પલકમાં ફરનારી—
દશાની હડી ચઢી ચઢી ઘડી ઘડી પડે
દશાનું ફુલ ખુબ ખીલીને ઝટ ખરી પડે
દોલત અને દમામનો ગુમાન નકામો,
જાદુથી જ્યાદા છે ખરે દશાના દમામો—

અંક પહેલો.

કુંભાર વિગેરે— ૧

કોઇ સંત વિરલે જાણીયું-ભાઇ વાતું છે એ ઝીણીયું,
મોટા જન જંજાળે ઝુવે-દુખ પામે પામર પ્રાણીયું-
મોટા કુવાડા કાંઇ ન કાપે લોઢું કાપે છીણીયું—
વેળુમાં તો ખાંડ વેરાણી-વીણી કાઢે કીડીયું —
પાણીમાં તો દુધ ભેળાણું-પામી જાશે હંસીયું—
જ્ઞાની ઝપટે ગોથાં ખાતાં-સિદ્ધે શિવપદ સાધીયું

રાયસંહુ- ૨

જેને ચિન્તા નથી ચિતમાં લગાર ભાર,
પામ્યો સંસારે તે સુખ કેરો સાર સાર—જેને૦
રાજ્ય પાટ નથી એને કોડી કામનાં.
માળા મ્હેલ મન તદન ન કામનાં—પામ્યો૦
સમજ ચિત્ત, નથી ચિરકાળ જીવવું;
ખાવું તેટલું રળી ખુશીથી ખરચવું;
સંતોષે રહેનાર નર સુખી સરદાર—પામ્યો૦
માયા મુડી પડી એક પડી ઝુંપડી;
પ્રપંચ રંચ નથી માન પાન ઘુમડી,
શાબાસ ! ગરીબ ! તારો દેવ અવતાર—પામ્યો૦

બાપડશા—ટીકલેઃ— ૩

અહે કેવા જાત્યો હુંઆ કેવા જાત્યો,
બાપ કેવા જાત્યો. લેર લેર લે.
હું તો વર લાડો, ને ધાધર બલાડો
બાપા બન્યા લાડી ધીની ફોડું વ્હાલી—લેર૦
કેવું આ થઇ ગયું ઉકરડું તો ચાવળું;
અમ્મ રાંડ છેડવા હૈ ઉતાવળુ?
બેટાને બાપો ચાહ કેવા બહાદુર.
બાપા બાળોવર ચાલું હું અહૂર;
એશ અક્કલમાં એટા-બાડ તેના ટેટા—બે હું?

સુખે સુખે સંસારમાં ભાગ્યવંત કુમાર!
ચિનગારી ચાંચો ચાટડે, ધન્ય ધન્ય! અવતાર!

વીણા—વેલી— ૪

લસલાતી મદમાતી બેની! તારી અભિલાષી
ફુલી ફાલી ઝાલું અલી! મદનની ફુલવાડી.
બાજે વાજું અંગાં વેણુ બસ બોલમાં—લસ૦
ખરૂં રૂપ ચોનું નથી ખાડડામાં.
ઝવેરી જુએ રૂપ નહિં હાબડામાં,
ફેરો ફેરા રસ કેવું હવે છોતરાં!—લસ૦
રહ્યા કાચ ડબ્બે કચા ગુણ રત્નો,

જુએ ગુણવંતો કરીને પ્રયત્નો;
અંગીકાર કરતા પછીથી રમા—સ્વ૦

૫ ગરબો.

ઉગ્યો બ્હેની ! સૃષ્ટિનો શ્રૃંગાર હાર.
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમા,
જેને પ્રેમઘેલી ભુમીનાર દેદાર
જેને ડોલે સૃષ્ટિ આનંદમાં–એહેઃ—
ધન્ય ! ધરાસુંદરી ! તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત,
શાન્તિપાઠ પઢાવતો સાધીને એકાન્ત,
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરે;
ગુણીયલ ગોરી પતી ગુણ ગાય શાન્તિ ચિત્ત રમેરે,
ધરોને બ્હેન ! ધરતી માતાનું કહ્યું જ્ઞાન,
પ્રીતેથી કરો સંભાર સુધારસ પાન—
ચંદ્ર સુખે ચીતાઇને, તારાના સુખ શ્યામ;
સદગુણીનું સુખ ભાળીને, રમે દુષ્ટના રામ.
સખી ! જેને પતિનું માન-તેનાં ગંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન–રમે રામા રસિક લઇ તાન.
ધરણીનાર સમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે જય ! જય ! ત્યાં ઉચરાય.

ધન્યવાદ લખનારને ખરેખરો કુંભાર
જે ઘેરે નાર સુલક્ષણી તે સુખમાં સુનાર

હાસી— ૬-૭૬

મદ ભરી રસીલી મમ માલતી, રહ્ય સુંદર મંદીર મ્હાલતી
ચતુર ચાંદની ચાતુર બાળતી પરમ પ્રેમની હોળી પ્રજાળતી,
શિતળ જો જગભુતળ બાળશે. જગત કયાં જઇ તાપજ ટાળશે.
મધુર દ્રષ્ટિથી હાસ નિહાળશે, ભવભવે સુખ ભામિની ભાળશે.

રાગ રાણી— ૭

હા! માનેલી મારેલી છકેલી છોકરી, તારૂં ઉતારૂં ગુમાન
હા ચઢીને ચઢી તું છેક ચઢી ભુલી નાના મોટાનું એ ભાન–
પહેલાં પાણી પીને ઘેર મુકે પછી, એતો મહા અણજાણ-હા૦
લાડ લડાવીએ બાગ બણે પછી બાગ કરે અપમાન;
પાળીએ, ભુલી ભાન, કહાપી શ્વાન; રહેવું નુકશાન;
થાય કુપાત્રને પ્રીતનું પાત્રજ. રહેશે આખો ભવ દુઃખનિધાન.

ધમલો— ૮

બનું હું હૂંડો એ આગાનો અસ્વાર—એહો૦
નમાવું આંકડો ને કરૂં તાબેદાર-વાહ વાહ૦
બનું હું વાંકડો રે-સાખી લઉં તાકડો રે-બનું૦
કુંવર બનું અલબેલો અપાર, જુઠામાં આજ હાલ દીઠો છે સાર.
પોલપોલા ગડગડગોળા હુંબા એતો વાહ વાહ વાહ-બનું૦

વીણા— ૯

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે
ખરે જેમ પીંપળ ઉપર પાન-પલકમાં ખરી જશેરે;
પલકમાં ખરી જશેરે—માટીમાં મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમાં ઘડીએક સુખની ના.........રે નથી;
મૂઢ મમતમાં તોયે મરતા આશા..........રે નથી;
પામર નર નાદાન—અરે શું૦
કાયા કલેવર ટારમું છે ગંદકીનો ગાડવો;
સમજુ જને સમજી જઇ અભિમાનને વળુસાડવો.
અભિમાન કુણીશ્વરને નહિ દુખ પાઇને પેંધાડવો;
રાવણ સરીખે માનથી લીધો નથી કંઇ લાડવો-અરે૦

ધમલો— ૧૦

જો જો કૌતુક જગનું કામ સધાયે ઠગનું;
સાધુ વા ખાય, ને પાખંડી પુજાય. ખમા ખમારે થાય-જો૦
સાચો કુઠાય, અને જુઠો મનાય, પોલંપોલ ચાલ્યુ જાય-જો૦
પોપટ પુરીને પુરે પાંજરે ન પાણી પાય;
મામો કહીને દુધ સાપને જો દેવા જાય.
દુનિયા !—દુનિયા !—૦હારે વાહ દુનિયા !
બકરાંની ઇદ દેખી વાઘની નહિ ઇદ થાય;
ઘરના તો આટે ઘંટી બંટી બાવાજી ખાય;
ગરીબ રહે હાથ ઘસતા, મારતાં મીયાં પુછાય—દુનિ૦

તાન તોડાખાં— ૧૧

ઘુઘટકે મોંજમે-સાંવરેને માનુહો ઘુઘટ,
એક તો નેના રસીલે-તામે કાજલ કીનો,
બાંકે નેનાવાલી હો-ઘુંઘટકે॰
બેઠા દીલ મોતી હુઆ તુજ કાનું બાલીકે સાથ-
કયા મઝા હેતી હે મીસ્સી પાનકી લાલીકે સાથ-

વેડી ધમલો— ૧૨

ચાલો મારા ચતુર સુજાણ હાં હાં
મારો નહિં નયનના બાણ હાં હાં
કાળજે ઉતારી તારી સુરતિ રસિલા પ્રાણ—ચાલો॰
ઘાયલ કીધો રહે પહેલાં ધુતારી મારી નયનનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેલ નાઝુક નાઝુકડી માર્યો રહે હાય હાય
ઠાર ઠાર
રસિકવર માર્યો રહે હાય હાય ઠાર ઠાર—કાળજે॰

ઠીઆરો— ૧૩

કાયા કેરો કુમ છે જીવ મુસાફર પાસ,
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસો શ્વાસ.
સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ;
રાખે જેવી રીતે રામ, રંગે તેવી રીતે રહીએ—સદા॰

પીંપળ પાન ખરંતા, હસતી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆં
નહિં જેવી ને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ:
દશાના ઢંગ ઋતુના રંગ જેવા દેખી લઇએ—સદા૦
કદી મોહલા તો માળીઆં, કદી મળ છપ્પર ખાટ:
કોઈ દીન એવો આવશે ભુખ્યાં ન મળે ભાત—સદા૦

દાસીઓ— ૧૪

અલબેલી આજરે સાસરે જાય,
સોભાગ્યે સાગરને નદી સમાગમ થાય;
સાહેલી સંગીરે ઉમંગી જણાય,
દેખીને સાકરને દુધ હર્ષી મળી જાય;
સજની મારી સાસુ સસરાની સેવા સારજેરે—સ૦
પરનિંદા પ્હેલેથી વારજેરે.
સજની મારી દીયર દેરાણી બીક રાખજેરે—સ૦
જેઠ જેઠાણી પાયે લાગજેરે.
સજની મારી નણંદીને નાની બ્હેન ધારજેરે—સ૦
લજ્જા તું કુળની વધારજેરે
સજની મારી પતિને પ્રભુ અંતધારજેરે—સ૦
રે સૌભાગ્યવંતી તુજ પગલે ઘર ઘર મંગળ થાય,
જગમાં પીયર સાસરીઆંની બલિહારી બોલાય.

ટેબલો ૧

અંક બીજો.

વેલી— ૧૫

ઓહો મારી સાહ્યબીનો કંઇ પાર—અરે હું તો મ્હોંચી પાર પાર
રસિઆ કુમાર રાજ્યના આધાર મારા તો છે તાબેદાર
ભવ્ય ભુવને મ્હાલશું—દિવ્ય ભોગ ભાળશું
ઠાકરની પણ ઠાકર લાખો ચાકર તો તૈયાર
ખમા બાઇને ખમા ખમા બોલે હાજર તાબેદાર—મારી૦
મગન મગન રાત દીન લગન લાગી જળને મીન—
ચતુર સંગ ચાલશું હાથ ગળે ઘાલશું;
ગજરા પ્હેરાવશું નેનમાં નચાવશું—
અહો અહો અહો અહો હું તો પામી જીંદગીનો સારસાર.

વેલી— ૧૬

હું આંધળી માનમાં ગઇ મરીરે
હાય સાંભળી વાતને નઇ જરીરે—
હાય જાણીને જાતના કુવે પડીરે
મુર્ખ માને બાંપે આણી આ ઘડીરે—
હાય દામનાદીવે પતગીઆં થઇ પડેરે
હાય જીવતાં અતી નર્કમાં સડેરે.

વીણા— ૧૭

રે મન ભમર શું ભરમાવે
આપે બતાવ્યા નાથ મુગટમણી—
લાખો જનને લલચાવે—રે૦
કાળા કે ગોરા પ્યારા કરને કરેલા આ છે.
સતીને શીદને સતાવે—રે૦
પાપી પવન હકેર ભલે ભટકી તું આવે રે અવા ન
સ્વામીને જોજે જગાવે—સાહ્યબાને જોજે—રે૦

વીણા— ૧૮

કાંઇ નથી સુખસાધન વનમાં સાપ બહુ વસતા ચન્દનમાં
સ્વામીજી સુખી વસે વનમાં—કાંઇ૦
સાહ્યબી શી શંકરને છે પાર્વતી કઇ સુખીયાં કમ છે
લોક તો મુરખ એકદમ છે—ગોળ ખોળાની નહિ કઇ ગમ છે
વૈભવ ઝાંઝવાનાં જળ છે સ્વામી ભજનમાં-કાંઇ૦

ઠઠીઆરો— ૧૯

જગતમાં તે નરને ધિક્કાર-તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર ભેળવે હીરેલમાં કંસાર
અરે કેમ હાથ પડેરે અરરરરર સુંદરી ઘર સણુંગાર

ફગી ફુમળી કેમ ઉપાડે, કોવાડાના માર
ગુલાબના ઢગલામાં શોભે ધગધગતા અંગાર
અંગ આપણું અળગા કહીએ, કહો ભાઈ અંગ તજીને
રહીએ.

અરરરરર કેવો હાર—જગતમાં૦
બળે કેમ કેસર કાવામાં, લસણ તણોરે વઘાર
મધુર કળીમાં ડુંગળી ગુંથે હીણભાગી સરદાર
કુસુમ કળી ભાઈ દીધે કરમાં છુંદે કળીને છાકી છરમાં—
અરરરરર કુંભાર

ઠઠીઆરો—વીણા— ૨૦

પધારો સૌભાગી નાર, દાસી પ્રીતમ તુજ પાયની
સુંદરી હૃદય હાર, છાયા છબિલા તુજ કાયની
હો ભાગ્ય દેવી મમ ભામા
રહ્યા હૃદય મંદીરે રામા
ભોળા મારા ભરથાર, શાણા શીર સરદાર—દાસી
સદા પતિ પ્રિયાના અન્નદાતારે-પતિ દેતાને અમે ખાતારે
રહીએ પતિવડે રંગ રાતારે-વાહ વાહરે આ........
મારા ભાગ્યના ભંડાર—
લુડી છું આ........મારા પ્રાણના આધાર-દાસી૦

વીણા-કઠીઆરો— ૨૧

ધન્ય તમને (૨) ભુલાવી ભમાવી ભોળાને ભોગવો
ધિક તમને દગાવી (૨) પટાવી ધાપણો ઓળવો.
રહેશે ભરૂસે જે તમારે પ્રથમ મારો ઠાર (વાહ વાહ)
પાકા સારૂ ધર્મ વેચ્યોરે ભરે બજાર
ચોરોના ચોરો તમે લુચ્ચાના લુચ્ચા તમે ખુનીમાં ખુની
તમે-ધિક૦
ના મળે વિશ્વાસી તો ઉદરી હિત થનાર.
પાપ મોજમ ખાઈ મોજન મસ્તીમાં રહેનાર,
સાહુકારીનો બદલો આ તો બતાવ્યો માર—

વીણા— ૨૨

આ તનમન ધન અરપણ તમને નાથજીરે
સુંદરી સોંપ્યું મસ્તક તે સગાથ—જીરે
તરૂવર વેલી પેઠે બીડીએ બાથ જીરે
વન ઉપવનમાં રમશું સાથે-નાથ ચરણ ધરી ચાલુ માથે
તન સરવર પરરે રાજ હંસ—આ૦
અવગુણ અમમાં હજાર-ભરથાર તમને છે ભાર
વણમુલે મીઠાં વેણે હું વેચાણો વ્હાલી—આ તન૦

કહીઆરો—વીણા—　　　૨૩

ઓહો વ્હાલા, વ્હાલા, લાલા રસીલા રાજના કામણગારા
રે ઠકરાળા, મદનમાળા, પ્રીતિની શાળા ચાતુરવાળા
અહા કેવી કીધી વિધિએ દયા
જુઓ ઘેર બેઠા ગંગાજી ગયા વાહ વાહરે વાહ—
ઠગી મગી જશે મુરખ માનવ આકીન મુકતા
ચપટી ચણું રાચી અમૃત પાન થુંકતાં
કઠણુ કર્મની કસોટી ચપળ ચુકતા
શાણી સુલક્ષણી રસ અમ્રતના ધાર સતી શણુગાર
રસના સાગર મારા જીવન આધાર-હૃદયના હાર—

કહીઆરો—વીણા—　　　૨૪

પાતળીઆ પરિશ્રમ હ્યો શાને પોઢોને મારા સમ મારા સમ છે
ચાલોને ચપળા આવું હું આટલે, નાજી મારા સમ મારા સમછે
ચિન્તાને ટાળવી પુઠ ન ભાળવી, લુંડીને પાળવી,
આ.........પ્રાણુપતિ-મારી વતી-પાતળીઆ
(રસીલી તું તો રોજ હસ્તીને હસ્તી)
(સતી પાસે છતાં પતિને હોયછે તસ્દી)
અલબેલી રાખે રમણુ સુખી-વાહરે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાસી-સતી પ્રીતિ પ્યાસી—
આ.........શાણી સતી...ભાગ્યવતી—પાતળીઆ૦

(ચાલ્ય ચાલ્ય તોયે થોડેક આવું)
(જાઓ ત્યારે મારેજ નથી જાવું)
તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય લાખો ધન્ય છે
મોહનની માળા, જપે બેઠી બાળા, છબીલા છોગાળા,
આઆ.........શાણી સતી—પાતળી બા૦

વીણા— ૨૫

સુંદર શામળીયા નામ જપીશ નિત્ય તારૂં,
મનહર નામળીઆ શાથી કરવત ધારૂં.
શામળા શણગાર હમારા, કાળજું હયું કાસાગારા
વિનવે કરગરી દીન દારા, દર્શન દે. દિલદાર હમારા
ક્યાં હું કહું દુ:ખ મારૂં–સુંદિર શામળીઆ
આસપાસ નહિ વાસ નિહાળું અહહ ત્રિભુવન ભાસતું
કાળું;
નિરખુ નહિ કદી સુખડુ રમાળું જઇ હિમાલય ગાત્ર
હું ગાળું;
સાક્ષી દેવ દયાળુ-સુંદર.

ધમલો-જાલમસિંહ ૨૬

જોઇ લેજો જગના બાવા, છે આજ કાલ જે આવા;
ધરે ભેખ ભુતીને ખાવા; જ્યાં ત્યાં હાલાને આવા—

જોબનવંતી જળ ભરતી ત્યાં જાશે બાવા ન્હાવા;
રાંડી રાંડના ઘરમાં પેશી બાવા બેસે ગાવા,
બાઇ લાગે તાળ બજાવવા ભાઇ અને ભજન સંભળાવા-
વિરલા લેખ ધરે છે ભાઇ ભગવત ભેટો થાવા
બહુ તો બાવા માયા માટે કે ભામા ભરમાવા-
નારીને નીરખીને લાગે, બાવા નેન નચાવા;
મસ્ત થઇ મ્હાલે પર પૈસે કયાં જાવું છે કમાવા-જોઇ૦

વીણા— ૨૭

કરે કામની શું સંસારે, વારે વારે પતિને સંભારે
બધી આળ પંપાળ વિસારે, પતિ રામનું નામ ઉચ્ચારે-
ભલેને દાબો બ્રહ્માંડ ભારે, ભલેને કાપો તીક્ષ્ણ ધારે-
દેહ ગેહ શુદ્ધિ નહિ, તુટી ગઇ જગ પ્રીત;
ગોરી તો ગાતી ફરે, રસીઆનું રસગીત.
ખાન પતિનું ને પાન પતિનું ધ્યાન પતિ ગુલતાન
એક મુકે નહિ ટેક પેરાવે છેક શુળી સુલતાન—

સઘળા— ૨૮

છત્રપતિ છો ભાણ ગુણની ખાણ, જગ આરામ;
સિંહાસન શોભે શ્યામ-
કીરણ વીમળ જગત જાણ, વિવિધ રંગ કરૂણાદાન,

નમી નમી નિત્ય ધરીએ ધ્યાન
દીન મણી ધણી જગત પ્રાણ—
અમરસિંહ—

રાજ કઠીઆરાની વાર્તાઓ

છોકરા તથા મોટા— ૨૯

અરે વાહ છાયો સકળ ભુવન ગગન આનંદ ઘન
અરે વાહ થયો મગન મગન જગત સજન મન
પોતે પ્રભુજી પ્રસન્ન
ધન્ય સુંદરી, કીધી તું વરી
વાહ વાહ વાહ—પ્રબળા—અબળા—

અંક ત્રીજો

સાધુઓ— ૩૦

જગત તું જાન હૈ સપના સમજ દીલ કોઈ નહિ અપના—
ચડે જબ કાલકી ફોજાં ખડે ખર હય ભલા ખપના—
થડા એક નીરકા ફુટા પત્તા એક ડાલથી તુટા
એસી નર જાન જીંદગાની છુપાકે કૌન જગે છુપના

વીણા— ૩૧

વ્હાલા બોલો તમે-લાલા૦ કેમ રસીઆ રીસાણા
બોલી કે ચાલી નથી-આડી હું હાલી નથી
નીતિને ટાળી નથી-નાથ-વ્હાલા૦
રે રઢીઆળા રાજની દેવાંશીના અંશ
હસવુ તારૂં મન વસ્યું ચિતહર ચાતુર હંસ
વૈભવમાં મુજ મરજી નથી-હીરા માળાની ગરજી નથી
ઝાંઝર ઝુમણાની અરજી નથી-માગું ન નાણું રસીક વરજી
માગું છું બોલ વ્હાલા-બોલો૦

વીણા— ૩૨

રે રઢીઆળા-રઘુવીર જગદાધારજો
અરજી આ અબળાની-અવધારજોરે
હું દીન બાળા કોપ્યા કંથ કુમારજો-

વાદળ વરસે રૂધીર મુશળ ધારજો
ભલે આ જીવ જાય બ્રહ્માંડ માંહિ
કદી નાથ આજ્ઞાજ લોપીશ નાંહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઈ
સતીની ગતિ છે પ્રભુ હાથ રહાઈ
રે દીનબંધુ-જાળવજો ભરથારજો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો—

રેલી-તાનતોલખાં— ૩૩

પ્યારે તોરે અંગમે પુલનકી બહાર હય—સૈયા૦
પુલનકે બાજુબંધ પુલનકે ગજરા
ઓર સોહે પુલનકા ગલે હાર હય—પ્યારે૦
નેના કમલ ઓર ચહેરા ગુલાબ હય
ગોરે ગોરે ગાલ સૈયા ગુલે અનાર હય—પ્યારે૦

વીણા—

ઘટઘટમાં તીરથ રહ્યાં, ઘટમાં આતમરામ,
પ્રેમી મન તીરથ વસે, પ્રીતમ સાલગરામ—ઘટમાં૦

હાલ્યો ભુંડા દુધથી, છોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ—છોડે૦

વીણા—અમરસિંહ—   ૩૪

છોડોરે કુંવર મારા હાથને
અમે જપીએ નિત્ય નાથ—છોડો૦
આઘા રહો અલબેલડારે અમે જોગીઓનાં બાળ,
સંસારને ઝેર જાણીએ છે પ્રપંચ પ્રેમ પાશ,
બાળા અમે પ્રજાનાથ—છોડોરે૦
જોયા પ્રજાના નાથ તમેરે, તજી બાળા અનાથ;
સંસાર જેણે સુધારીઓ સ્હેજે તોડયો તેનો સાથ—છોડો.
રાજા રમી રહ્યા વ્હેમમાં રે ભુલી સ્નેહ ને સંબંધ,
હવે તે કરૂં શું હાય યોગીનિ, પામું પ્રેમદા પ્રસંગ—છોડો.

વીણા—ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ;
કૃપા કરે શ્રીરામ તો, સંત, પામતા અંત.
તન વાડી મન કેવડો, પ્રીતિ અમૃત વેલ;
પ્રાણ પુરૂષના બાગમાં ભાગ્ય દેવી જઇ રેલ.

વીણા—અમરસિંહ—   ૩૫

આઆ આ બાળા—શિખામણ શાળા—ગુણમાળ માળા
માનુતી માનું—તમારો કેટલો આભાર—
આ આ આ છોગાળા—રસીઆ રસાળા—અલાવેશુંચાળા
પ્યારા મારા—હાથાં સરોવર શ્રંગાર—
સુરખે નાંખી હતી માલતી વખાર
થઇ બેઠી ગુણથી છે હૃદય હાર—આ આ૦

કસોટીએ કસો સોનું લાખવાર
શાણાજી સોનાર તમારો અધિકાર—આ આ૦

વેધી—

૩૬

અભિમાન કદી નવ કરીએ
પથ્થર લઇ કહો કેમ તરીએ
ડુબે જગત હરીએ—અભિમાન૦
સમય સમજ બળવાન જગતમાં,
વિદ્યા નિત વરીએ—અરે—અભિમાન૦
મોતી માની મન કર્યું નીકળ્યું ઝાકળ નીર
સોનું સમજી સોપ્યું કર્મે નીવડયું કથીર
સુઘડ નાર નર સુખે—સુનારો
હરદમ ચિત ધરીએ—અરે—અભિમાન૦

સવળા—

૩૭

આહ આજે જયજયકાર આહ-વાહરે—આહા૦
નાચે મન છનનન—આહ૦
તાનાના દીરરીક તાના દીમમંતનુમ-દીમ તનુમ-દેરેના
દીમ તુમ તનનનન—આહા૦
મધનીસા—ધનીસા—સાનીધમ—ધનીસા
ગમ ગપ મધ પની ધસાની ધપગં—આહાં જયજય

શ્રી દેશી નાટક સમાજ **જાહેર ખબર** કં૦ ભાગવાડી, પ્રીન્સે થીએટરમાં, મુંબઈ

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં પ્રસિદ્ધ કર્તા પાસે મળશે. માટે જેઓ સાહેબને જોઇનાં હોય તેઓએ રોકડી કીં તથી મગાવી લેવાં. વેલ્યુપેબલ તથા નોટપેડ કાગળ રાખવા આવશે નહિ. નીચેના દરેક પુસ્તકો બે આનાની કીમતે મળ.

૧ સતી સંયુક્તા	૧૯ શ્રી ભદ્રાયુ	૩૬ કુસુમલતા
૨ સંગીત લીલાવતી	૨૦ સતી દ્રૌપદી	૩૮ હંસાકુમારી
૩ પાવત્ર લીલાવતી	૨૧ કબીરસાબ	૩૮ ગુલબંકાવલી
૪ સતી પાવતી	૨૨ શ્રી સન્યાસી	૩૯ અભયસીંહ
૫ અશ્રુમતી	૨૩ જાલીમ ટુલીઆ	૪૦ કમકુળ
૬ રામ વિયોગ	૨૪ મદન મંજરી	૪૧ નરસીંહ મેહતા
૭ મ્યુનીસીપાલ ઇ.	૨૫ સતી પાદ્મની	૪૨ સગાળશા
૮ ભોજકુમાર	૨૬ અજીતસિંહ	૪૩ કૃષ્ણ સુદામા
૯ સરદારબા	૨૭ ભગવદ ગીના	૪૪ મહાકવિ કાળીદા
૧૦ ઉમાદેવડી	૨૮ કુલીન નાયકા	૪૫ રાજરતન
૧૧ વીણાવલી	૨૯ સતી દમયતી	૪૬ પ્રલ્હાદ વિજય
૧૨ વિજયા વિજય	૩૦ સતી સુલોચના	૪૭ કૌરવ પાંડવ ભા.
૧૩ મદન મંજરી	૩૧ કેદાર કીશોર	૪૮ જાળધર સતી વૃ
૧૪ ઉદયભાણુ	૩૨ સુભદ્રા હરણ	૪૯ કૌરવ પાંડવ ભા.
૧૫ મોહિની ચંદ્ર	૩૩ ઉરવશી	૫૦ લલીતપ્રોયા
૧૬ વિજય કમળા	૩૪ રાઠોડ કન્યા	૫૧ સૌ.ય વિજય
૧૭ ગીતા સુંદરી	૩૫ પવીત્ર લક્ષ્મી	
૧૮ સતી સીતા		